गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक २३४२ वर्गांक

पुस्तकनुं नाम ભજનસાગર

विषय ૮ - ૧ા



શ્રી
ભજનસાગર.

असितगिरिसमं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखालेखिनी पत्रमूर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालम्
तदपि तव गुणानामीश पारं न याति॥

અર્થઃ—

નીલગિરી પર્વતના જેટલી સાહી હોય, મહા-
સાગર જેવડો ખડીયો હોય, સર્વ દેવતાઇ
ઝાડોની કલમ બનાવી હોય, પૃથ્વીના પડ
જેવડો કાગળ બનાવ્યો હોય, અને સર્વથી
સરસમાં સરસ લખવાવાળી શારદા
સદાકાળ લખ્યા કરે, તોપણ
હે ઇશ્વર ! ત્હારા ગુણનો
પાર આવે નહીં.

પાંચમી આવૃત્તિ. નકલ ૩૦૦૦

કીંમત બે આનો.

૨૩૮૨
૬-૧૬૧
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-૨-૬

હે
પ્રભુ !
તમે એક
છો, અખંડ છો,
અનંત છો, વ્યાપક છો,
નિર્વિકાર છો, સર્વાધાર છો,
સકળ વિશ્વના સ્વામી છો અને
સર્વશક્તિમાન્ છો. તમે સર્વ ગુણોના
નિધિ છો, તમે દયાના સાગર છો, અને તમે
અધમ ઉધ્ધારણ છો. તમારો મહિમા અગાધ
છે, તમારૂં ડહાપણ અપાર છે, તમે રાજાઓના રાજા
તથા દેવોના પણ દેવ છો, અને તમારી અકળ ગતિનો
કોઇ પાર પામી શકતું નથી. હે મહા મંગળકારી
અખંડ સચ્ચિદાનંદ પરમકૃપાળુ પવિત્ર પિતા
મહાન્ ઇશ્વર ! તમારા એવા ગુણો ને
મ્હોટાઇમાં અમારૂં મન લય કરવા
માટે અને તમારી સત્ય સેવા કર-
વાને ખાતર શુધ્ધ અંતઃકર-
ણના પ્રેમથી માનપૂર્વક
હજારો હજારવાર
દંડવત્ પ્રણામ
કરીએ
છીએ.

સાંકળીયું

ભગવદ્ ઇચ્છા.

ભજનનીજરૂરીઆતવિષે.

પ્રેમ વિષે.

વ્યભિચાર વિષે.

અભિમાન વિષે.

સાધારણ નીતિ વિષે.

પરમાર્થ વિષે.

હીંચ વિષેનાં કીર્તનો.

પ્રાર્થના વિષે.

નમ્રતા વિષે.

કૃપા વિષે.

ઇશ્વરનાં વખાણ વિષે.

ॐ

परमात्मने नमः

સત્સંગ વિષે.

૧

મહાપદ લાધ્યું રે જેને, બીજાં સાધન ન રહ્યા તેને.
સહજ સમાધિરે લાગી, અનુભવ જ્યોતિ નિરંતર જાગી.
અનહદ વાજાં રે વાજે, પરણવ અરણવ લેહેરે ગાજે.
ગંગા જમુનારે વહેછે, તરવેણીમાં તાલ મળે છે.
જન ત્યાં આવેરે ઝાઝા, ત્યાં છે સકળ તીરથનો રાજા.
દેવ મુનિનોરે મેળો, ભાવિક સંઘ થાય છે ભેળો.
અક્ષય વટછેરે એમાં, વિશ્વપતિનો વાસો તેમાં.
તે તીરથમાંરે ન્હાશે, કાગ મટીને હંસજ થાશે.
પિંડજ તેમાંરે ધરશે, એકોત્તર શત કુળ તો તરશે.
નિર્મળ થાશેરે કાયા, પ્રેમ પ્રયાગ વિષે જે ન્હાયા.
સત્ પુરૂષોનીરે સંગે, છોટમ ન્હાયો પરમ ઉમંગે.

૨

સુખ કહ્યું ન જાય સત્સંગનું રે,
આઠે અંગમાં આનંદ થાય—સુખ૦
અડસઠ તીરથ એને સૌ આંગણે રે,
સત્સંગેથી ભેળાં થાય-સુખ૦
એ સુખ ઇંદ્રના લોકથી અધિકછે રે,
વૈકુંઠેથી વધતું જાય—સુખ૦
એ સુખ બ્રહ્માના લોકથી ભારે ઘણું રે,
એ તો વેદ પુરાણે વંચાય—સુખ૦
મહેતો નરસિંહ એમાં તો એમ ભણે રે,
એ તો ઓળખાવે અવિનાશ—સુખ૦

૩

જેને ન કીયો સત્સંગ જનમ ધરી,
જેને ન કીયો સત્સંગરે. (ટેક)
તાકો કેવલ પશુ કરી માનો (૨)
જદપિ મનુષ્યકો અંગરે (૨)-જેને૦

કા ભયો પાટ પીતાંબર પહેરણ
ચ્હડવે હસ્તી તુરંગરે; (૨)
તામેં કા બડાઇ પાયો (૨)
ફુલ્યો હ્રદય ઉમંગરે (૨)—જેને૦
આહાર નિદ્રા ભય કરતોરે મૈથુન
લાગો વિષયકો રંગરે; (૨)
ચેતત નાહીં બડો હે મુરખ (૨)
કાલ કરેગો ભંગરે (૨)—જેને૦
નિર્મળ ચિત્ત કરી કબહું ન નાયો
સંત સ્વરૂપી ગંગરે (૨)
કહે દેવો કેસે કરી પાવે (૨)
પુરણ પદ અભંગરે (૨)—જેને૦

૪

સંતો અમે વહેવારીઆ, શ્રી રામનામના રે (ટેક)
વેપારી આવે છે બધા ગામ ગામનારે—સંતો૦
અમારૂં વસાણુ સંતો, સૌ કોને ભાવે (૨)
અઢારે વરણ જેને હોરવાને આવે-સંતો૦

લાખ કરોડે લેખા નહી, ને પાર વિનાની પુંજી (૨)
હોરવું હોયતો હોરી લેજો કસ્તુરી છે સોંગી—સંતો૦.

આવરો ને ખાતાવઈમાં, લક્ષ્મીવરનું નામ (૨)
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખીયા નરસૈયાનું કામ—સંતો૦

૫

જેનેઘેરહરિજનહરિજશગાય, તેતોનિત્યગંગામાં નાય (૨)
અડસઠ તીરથ ગુરૂને આંગણે (૨) દૂર ગયે શું થાય—જે.

ધ્રુવ નાહ્યા પ્રલ્હાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન (૨)
પ્રીત કરી પરીક્ષત નાહ્યા (૨) જોગી શુકદેવ ગાય—જે.

સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાનગંગા તોળાય (૨)
જપતપતીરથજોડેમળ્યા (૨) તેમાંસર્વસાધનમળીજાય—જે.

જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય (૨)
ભલેમળ્યામેતા નરસિંહનાસ્વામી, હેતેહરિનાગુણગાય—જે.

ગુરૂ વિષે.

૬

હરિગુણ બાર બાર ગાતાં, પ્રભુ ગુણ બાર બાર ગાતાં (ટેક)
ગુરૂકી કૃપાદૃષ્ટિ રંગ છાંઈ, હરિગુણ બારબાર ગાતાં—હ૦
આસન બાંધી સુરતી સાંધી, ભ્રકુટિમેં ધ્યાન લગાય—હ૦
કૃષ્ણમોરારીજેનેઓઢીકામળકાળી,એહીમેરેમનભાય—હ૦
જાદવ ગુરૂકી કૃપા ભઈ, તો નાચત વૈકુંઠ જાય—હ૦

૭

દેખ્યા હોય તો કહી બતલાવો,
ક્યાં છે ગુપ્તી ગંગા ?—ભાઇ, ક્યાં છે૦—હોજી. (ટેક)
ધૂડ ગુરૂને છીપા ચેલા,
નહીં દિવસ પગદંડા—ભાઇ, નહીં દિવસ૦—હોજી;
આગમ ભાંખે કાંઈ નવ સુઝે (૨)
આપ વખાણે અંધા—ભાઈ, આપ વખાણે૦—ભાઇ ક્યાંછે૦
સદ્ગુરૂ મળીયા ને સંશય ટળીઆ,
મીટ ગયા સર્વે ફંદા-ભાઇ, મીટ ગયા સર્વે૦—હોજી;

મોતી નીરખ્યા પિયુકું પરખ્યા (૨)
જબી ભયા આનંદા-ભાઇ, જબી ભયા૦-ભાઇ કયાંછે૦
એક નુરીજન મોતી નીરખ્યા,
વચન ગુરૂકા વંધા-ભાઇ, વચન ગુરૂકા વંધા૦-હોજી;
દાસ અરજણ જીવણ કે ચરણે (૨)
ધ્યાની પુરૂષકા ધંધા-ભાઈ, ધ્યાની૦-ભાઇ કયાં છે ૦

૮

ગુરૂ મુખે વાણી સબ સંત મુખે જાણી,
એ તો બોલેછે વેણ પરીયાણી;
મારા હરિજન પીયો રામરસ જાણીરે-જી-હોજી.
ગુણપતિ ગાઇલે સદાય સુખ પાઇલે રે,
ભકિત મેં આગમ વાણીરે-જી-હોજી,
એ ભકિત કેમ છોડીએરે (૨)
તન મન ધન કુરબાની;
મારા હરિજન પીયો રામ રસ જાણીરે-જી-હોજી.
પાણીની શી પેદાસ બની સ્વામીઃ
જળ કેરી જુકિત બંધાણીરે !-જી-હોજી;

કરણ સુધારણ વિધન વિદારણ (૨)
શોચ તણાતો આગેવાની:
મારા હરિજન પીયો રામરસ જાણીરે—જી—હોજી.
ભુલ્યા ભુલ્યા જીવ ભરમમાંરે ડોલે,
સામી બોલે ભરમ કેરી વાણીરે—જી—હોજી;
મેલી અજવાળાં ફરે નર અંધા (૨)
આતમ નહીં ઓળખાણી:
મારા હરિજન પીયો રામ રસ જાણીરે—જી—હોજી.
સદ્‌ગુરૂ હાથ ધર્યા શીર ઉપર,
જળહળ જ્યોતિ દરશાણીરે—જી—હોજી;
કહે ભૈરવ ખોલ્યા ભ્રમ તાળાં (૨)
એ તો અરસ પરસ દરશાણી:
મારા હરિજન પીયો રામરસ જાણીરે—જી—હોજી.

૯

સદ્‌ગુરૂના તે શબ્દ વિચારતાં (૨)
મટે માયા મોહ વિકાર—હરિરસ પીજીયે.

બાળી ભસ્મ કરે બીજી વાસના (૨)
ઉર પ્રગટે પ્રેમ અપાર—હરિરસ૦
એવો અજર અમી રસ જે પીયે (૨)
તેના નેણા વેણા પલટાય—હરિરસ૦
લાગી બ્રહ્મખુમારી ન ઉતરે (૨)
સુખ મુખે કહ્યું નવ જાય--હરિરસ૦
તેને સંભવ નથી રે શરીરનો (૨)
થયો આતમ દૃષ્ટે ઉઘાડ--હરિરસ૦
મરજીવો થઇ હરિને મળે (૨)
ગળે જ્ઞાન હિમાળે હાડ—હરિરસ૦
બ્રહ્મજ્ઞાને ગગનવત થઇ રહે (૨)
જયમ કુંભ મહા જળ માંહે—હરિરસ૦
કૃષ્ણ પોતામાં પોતે શ્રીકૃષ્ણમાં (૨)
કૃષ્ણ વિના ન દીસે કાંઇ—હરિરસ૦
જઇ સરિતા સાગરમાં ભળે (૨)
તેનું નામ નદી ટળી જાય—હરિરસ૦
કહે પ્રીતમ સદ્‌ગુરૂ સેવતાં (૨)
ટળે અંતર એક રસ થાય—હરિરસ૦

૧૦

સદ્‌ગુરૂએ અમને મારેલ છેરે શબદોના બાણ;
એક રામને ભજીલ્યો નિરવાણરે—સદ્‌૦
કુટુંબ કબીલાની કુડી કુડી માયારે (૨)
સાચું નારાયણનું નામરે—સદ્‌૦
કહે રવિદાસ સંતો ભાણ પ્રતાપેરે (૨)
મટી ગઇ ચોરાશી કેરી ખાણરે—સદ્‌૦

૧૧

સદ્‌ગુરૂ સ્વામીને વીનવું, નમી નમી લાગું પાયજી;
દાન દીધારે ભકિત જ્ઞાનના, કોટી કર્મ મીટાયજી—સ.
જનમ મરણનું તો ભય ગયું, મટી જમડાની ત્રાસજી;
લખરે ચોરાશી ખાતું વીંટીયું, જાણી પોતાનો દાસજી-સ.
સદ્‌ગુરૂ સમ દાતા નહીં, જો જો મનમાં વિચારીજી;
સગા સબંધી બેની બંધવા, સરવે સ્વપના સમાનજી—સ.
અવગુણ મારા અનેક છે, નવ જોયા નીરધારજી;
બીરદ પોતાનું સંભારીને, મન્નીદાસ કહેબલીહારજી—સ.

૧૨

મારીરે કટારી સંતો પ્રેમની, લાગી કલેજામાંયજી;
અંગોઅંગમાંહે વેદના, નીશદીન ખટકે તનમાંહેજી—મા.
સદ્ગુરૂ સાચારે શર તાંકી, તાંકી માર્યા જેણે બાણજી;
ઘાયેલ કીધા તનમન જ્ઞાનસે, એ સુખ જાણસે કોઇ જાણજી—
વ્રેહ અગ્નીરે જેના અંગમાં, તાપ્યા તેનારે તનજી;
સુખ ના ગમેરે આ સંસારનું, સદ્ગુરૂ સાથે બાંધ્યા મનજી—
પ્રીત છેરે જેને પ્રાણથી, ગુરૂવિના ઘડી ન રહેવાયજી;
જળની વીછુટી જેમ માછલી, તલખી તલખી મરી જાયજી—
પ્રીત જોજોરે બપૈયાતણી, જેની ન ટળે ટેકજી;
પૃથ્વી પડયારે જલને નહીં નમે, અધર બુંદ પીએ એકજી—
પ્રીત હશેરે જેને પૂર્વની, મળશે ગુરૂ તેને જ્ઞાનીજી;
મગ્નીદાસ કહે સદગુરૂ સંતને, વારંવાર કુલબાનજી—મા.

૧૩

આજે આનંદ ગુરૂ આવ્યા આંગણે (૨)
હું તો દિલ ભરી આદર દઇશ—ગુરૂજી આવ્યા૦

ધન મસ્તક લઈ ચરણે ધરૂં (૨)
સ્નાન કરી ચરણામૃત લઇશ—ગુરૂજી આવ્યા૦
મને પ્રેમે કરીને ગુરૂએ પુછીયું (૨)
તારા અંતરનો કેવો છે ઠાઠ—ગુરૂજી આવ્યા૦
દુઃખ સુખ કેવું છે તારી દેહને (૨)
પુરૂં કહેજે ભણી મુખે પાઠ—ગુરૂજી આવ્યા૦
હું તો મગ્ન થઇ મારા મનમાં (૨)
મને હરખ ઘણેરો થાય—ગુરૂજી આવ્યા૦
કહેણી રહેણી વિનારે સાધન શું કરૂં? (૨)
જેથી પ્રસન્ન થાય ભગવાન—ગુરૂજી આવ્યા૦
કેવળદાસ ઉપર કીરપા કરી (૨)
પામ્યા ભવસાગર કેરો પાર—ગુરૂજી આવ્યા૦

ઇશ્વરસ્વરૂપ વિષે.

ઈશ્વર સૌથી મોટો છે.

૧૪

તું અગાધ પરબ્રહ્મ નિરંજન, કો અબ તોહીં લહેરે;
અજર અમર અવિગત અવિનાશી, કૌન રહનિરહેરે—તું૦

બ્રહ્માદિક સનકાદિક નારદ, શેષ હું અગમ કહેરે;
સુંદરદાસ બુદ્ધિ અતિ થોરી, કૈસેં તોહીં ગ્રહેરે–તું૦

૧૫

તું અગાધ, તું અગાધ, તું અગાધ દેવા;
નિગમ નેતિ નેતિ કહે, જાને નહિ ભેવા–તું૦
બ્રહ્માદિક વિષ્ણુ શંકર, શેષ હું બખાને;
આદિ અંત મધ્ય તુમહિં, કોઉ નહીં જાને–તું૦
સનકાદિક નારદાદિક શારદાદિક ગાવે;
સુરનર મુનિજન ગંધર્વ, કોઉ નહીં પાવે–તું૦
સાધ બિધ થકિત ભયે, ચતુર બહુ સ્યાને;
સુંદરદાસ કહા કહે, અતિ હી હૈરાને–તું૦

ઇશ્વર નિરાકાર છે.

૧૬

ઐસા દેશ હમારા સાધો, ઐસા દેશ હમારા હૈ (ટેક)
અલખ અચિંત્ય અરૂપ અનામી,
ગુણ અવગુણ તેં ન્યારા હૈ–ઐસા૦

અગમ અગાધ અનંત અનાદિ,
અચલ અખંડ અપારા હૈ-ઐસા૦
સત્ ચિત્ આનંદ પરમ મનોહર,
સબ જીવનકા પ્યારા હૈ-ઐસા૦
મનસે પરે બુદ્ધિસેં બાહેર,
નિર્ભય રામ વિચારા હૈ-ઐસા૦
કહત કબીરા સુનો ભાઇ સાધો,
એ પ્રભુ હમ નિરધારા હૈ-ઐસા૦

ઇશ્વર સાકાર છે.

૧૭

હમ સાકાર ઉપાસીવે, સબ ગોકુલકે બાસીવે (૨)
ઉધ્ધવ તુમ અદ્વૈત બ્રહ્મ કહો, નિરાકાર ગુન હીને;
પ્રેમીજનકા પંથ નહીં હમ,શુષ્ક જ્ઞાની તુમ ચિન્હે-હમ.
લલિત ત્રિભંગી છેલ પ્રાંકડે, નટવર નાથ હમારે;
નિર્ગુણબ્રહ્મસોંવામહે ઉનકા, સમઝત સમઝનહારે-હમ.
જગકર્તાકું રૂપ નહીં તો, જગકું કાંહાંસેં આયા ?
કારન જેસા કારજ હોવે, ન્યાયશાસ્ત્રમેં ગાયા-હમ.

ઐશ્વર્યાદિ ષડ્ગુન સંયુકત, નિર્ગુન કેસે કહીએ;
અજાત્રિગુનપર શુદ્ધ સત્યહરિનિરખત સબસુખલૈયે—હમ.
ભકત નેત્ર ભૂષણુ મહા રાધાવર શ્રીકુંજ બિહારી;
દાસ દયાકે પ્રાણજીવન ધન, શ્રીગોવર્દ્ધન ધારી—હમ.

ઇશ્વર સગુણ છે.

૧૮

હમતો કૃષ્ણ છબીલો ગાવે (ટેક)
તેરો નિર્ગુન બ્રહ્મ હમે નહીં ભાવે—હમતો૦
ગિરધર ગુન રૂપકે રાશી (૨)
બ્રહ્મ ભજે જે કોઇ હોય ઉદાસી—હમતો૦
જલકું કયા સુખ હોય જલપાના (૨)
લવણકું કહાં સુખ સિંધુ સમાના?—હમતો૦
જયામેં દાસ ભાવ ઉઠ જાવે (૨)
જુગલ નહીં વહાં કયા સુખ પાવે?—હમતો૦
દાસ સદા હમ શ્રીજી સ્વામી (૨)
માગે દયો ગુરૂ પદ શીશ નામી—હમતો૦

ઇશ્વર આ જગતથી નીરાળો છે.

૧૯

તું તો ન્યારો રહીને ખેલેરે નારાયણારે (ટેક)
તારી ઈચ્છા તે સૌ માયા, તેમાં સઘળાં ભેદ સમાયા;
તું નિર્ગુણ પણ ગુણ તુજમાં દીસે ઘણાંરે–તું તો૦
પવન પાવકનો પીંડ બનાવે, તેમાં ચૈતન્ય તારૂં આવે;
તુજ ડહાપણ જોતામાં કાંઇ નહીં મણાંરે–તું તો૦
નટ જેમ પટને ઓથે રહેછે,સકળ પુતળાં નાચ કરે છે;
તેમ તારા કરમાં સર્વેના તાતણાં રે–તું તો૦
એક કળે સૌ જગત હલાવે,ચમકદૃષ્ટિ જેમ લોહ ચલાવે;
ઇચ્છા, જ્ઞાન, ક્રિયા, ગુણ, તારા સોહામણારે–તું તો૦
તું ખેલેછે બાજી તારી, એમાં ન પહોંચે બુદ્ધિ અમારી;
છોટમ તુજને ભજતાં ભાંગે ભ્રમણારે–તું તો૦

સૌનો ઇશ્વર એક છે.

૨૦

એહી હમારે શ્રી નાથજી (ટેક)
વહાલો ભવ તારણ હાર–જુગ તારણ હાર–એહી૦

દેવ ન જાચું દુસરો રે, મન કિયો રે વિચાર;
દેવ ન જાચું દુસરો—હાંરે મન કિયોરે વિચાર—એહી૦
જપતપ તીરથ કૌન કરે રે, જપતપ તીરથ અપાર;
જપતપતીરથકૌનકરે—હાંરે જપતપતીરથ અપાર—એહી૦
શોચ સમય શાંતિ ભર્યો રે, મન માન્યો રે મુરાર;
દોઉ અક્ષર સુરદાસ કહે,યેહી સબ સારમેં સાર—એહી૦

લાવણી.

૨૧

એ છે નિરાકાર સાકાર એનો કોઇ નથી પામ્યાપાર (ટેક)
રૂષિયો હાર્યા મુનિયો હાર્યા, હાર્યા સંત મહંત;
વેદ પુરાણો પાર ન પામ્યા, એવો ઇશ અનંત—એ૦
સહસ્ત્ર અઠયાસી સિદ્ધ ચોરાશી, સનકાદિક શુકદેવ;
ભાવ ધરીને ભજન કર્યાની સૌને જુદી ટેવ—એ૦
રામ કહે કોઇ કૃષ્ણ કહે, કોઇ દેવી કહે કોઇ શિવ;
જેવું જેના ગુરૂએ ગાયું, તે માને તે જીવ—એ૦
મન્ત્ર તમારા ગુરૂ તમારા, શાસ્ત્ર અને વળી સેવ;
જ્યાં ફાવે ત્યાં પાપ તજીને, ભજજો જગનો દેવ—એ૦

સંત વિષે.

૨૨

નંદ નંદન કે પ્યારે, આયે મેરે નંદ નંદનકે પ્યારે (ટેક).
માલા તિલક મનોહર બાના (૨)
ત્રિભુવનકે ઉજીઆરે—એહાં ત્રિભુવનકે૦—આયે૦
પ્રેમ સહીત બસત મેરે ઉરમેં (૨)
નેક ન જાત હુ ટારે—એહાં નેક ન જાત૦—આયે૦
હૃદય કલમ કે મધ્ય બીરાજીત (૨)
શ્રી નંદરાય દુલારે—એહાં શ્રી નંદરાય૦—આયે૦
ક્યા જાનું કછુ પુણ્ય પ્રગટ ભયો (૨)
મેરે ઘરજુ પધારે—એહાં મેરે ઘરજુ૦—આયે૦
પરમાનંદ કરી ન્યોછાવર (૨)
તનમનધન સબ વારે—એહાં તનમનધન૦—આયે૦

૨૩

ધન્ય આજ ઘડી, સંત પધારી પ્રેમે પાવન કીધાં;
અતિ આનંદ અપાર, દયા કરીને અમને દરશન દીધાં.

હરિજન છે હરિ સરખા હેલીરે,
એને મળીએ મરજાદા મેલીરે;
થાય અરસપરસ આનંદ હેલીરે—ધન્ય૦

સંત શરણે જઇએ તો સુખ ઘણું રે,
ડગલે ડગલે ફળ યજ્ઞ તણું રે;
એની સેવાના રે ફળ શારે ભણું રે?—ધન્ય૦

સંત વૈકુંઠપતિને અતિ પ્યારા રે,
સંત બ્રહ્માનંદ રસ પીનારારે;
એવા સંતનથી નથી હરિ ન્યારારે—ધન્ય૦

સંત ભેટરે ભવદુ:ખ દૂર પળે રે,
પરમારથપણે પરિબ્રહ્મ મળે રે;
એનું લક્ષ ચોરાશીનું ગમન ટળેરે—ધન્ય૦

કહે પ્રીતમ પુરવના પુણ્ય ફળ્યારે,
જેને આંગણે હરિજન આવી મળ્યા રે;
તેને ઉર આનંદના ઓઘ વળ્યારે—ધન્ય૦

૨૪

મળે જીવનમુક્ત હરિતણા, ટળે અંતર તનમન તાપ;
એવો સંગ સંતનો.
ફરે અવેવ આરે શરીરનાં, પરા પલાયે પંડના પાપ—એ.
જેમ કીટ મટી થાય ભમરી,તેને કીટ કહે નહીં કોય—એ.
જેમ પારસ પરશે લોહને, તે તો હેમ હેલામાંય હોય—એ.
જેમ ચંદનવાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય—એ.
જેમમલીનજળમળેજાહ્નવી, તેને તરતકરેગંગતોય—એ.
તાંબામોર પલટેછે પાણીએ, કરે કંચનમય રસરૂપ—એ.
તેમસદ્‌ગુરૂમુખીયાસંતથી, થાય જન તે સંતસ્વરૂપ—એ.
શૂકનારદવ્યાસ ને વાલ્મીકિ,તેતો ઇશ્વરકાવીયાઆપ—એ.
ધ્રૂઅમરીષપ્રહ્લાદવિભીષણ, થયાસુખીયા સંતપ્રતાપ—એ.
સંત સર્વે સુખીથાવાઠામછે,તેતો પ્રસિદ્ધકહેછે પુરાણ—એ.
મન કર્મ વચને માનજો, કહે નિષ્કુલાનંદ નિર્વાણ—એ.

૨૫

ધન્યધન્ય એ સંતસુજાણને, જેનું ઉલટી પલટયું આપ;
એવા જન હરિતણા.

આપટળીમળ્યાભગવાનમાં, જેનોઆપમાંહરીનોવ્યાપ-એ.
જેનાશીશમાંશીશછેશામનું, જેનાનેણમાંનાથનાનેણ–એ.
જેનામુખમાંમુખમહારાજનું જેનાવેણમાંવહાલાનાવેણ–એ.
જેના કાનમાંકાનશ્રીકૃષ્ણનાં,જેનાનાકમાંનાસિકાનાથ–એ.
જેનીજીભ્યામાંજીભ્યાજીવનની, જેનાહાથમાંહરિનોહાથ-એ.
જેનાહૃદયમાંહૃદયહરિતણું, જેનાપાવમાં હરિનો પાવ–એ.
જેમ હીરો હીરાવડેવેધીઓ, તેમથયોતેસહજસમાવ–એ.
એમ સંતમાં રહ્યા શ્રીહરિ, માટેસંત તેસુખનોધામ–એ.
ધર્મભક્તિવૈરાગ્ય ને જ્ઞાનજો,તેનેરહેવાનુંસંતછે ઠામ–એ.
એવાસંતશિરોમણી ક્યાં મળે,જેણેદેહબુદ્ધિ કીધીદૂર–એ.
કહે નિષ્કુલાનંદ એને સંગે,ઉગે અંતરેઆનંદ સૂર–એ.

૨૬

સાચા તે સંત તેને જાણીએ, જેમાં એવા ગુણ હોય;
નિંદા સ્તુતિ કોઈની નવકરે, સઘળું સમદૃષ્ટિ જોય–સાચા.
જેના તે દરશન માત્રથી, ટળે પ્રપંચનું ધ્યાન;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાવે અજ્ઞાન–સાચા.

ગુણ ગાય ગોવિંદના, પ્રફુલ્લિત તન થાય;
નેત્ર પ્રવાહ વહે પ્રેમનો, હરખે હૃદય રૂંધાય—સાચા.
પરદુઃખ દેખી દાઝે ઘણું, નવ કરે કોઇનો દ્રોહ;
ઇંદ્રિયજીત સાચા સદા, ન પામે મન મોહ—સાચા.
સકળ સચરાચરને વિષે, વસ્યા દેખે ભગવાન;
શુભ ઇચ્છે સર્વ જગતનું, લેશ નહિં અભિમાન—સાચા.
સઘળી લીલાતેઅવિનાશીની,જેમાં લુબ્ધ જેનું મન;
પ્રીતિ બહુ પરઉપકારમાં, સદા પ્રસન્ન વદન—સાચા.
નટવર ઝળકે નેણમાં, કાંતિ કરૂણામય હોય;
શાંત સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઇનો નહિ જોય—સાચા.
હરિજન વૈષ્ણવને વિશે, જેને અતિ ઘણું વહાલ;
દૃઢ આશરો દીનતા ઘણી, બોલે વચન રસાલ—સાચા.
વિહ્વલતા વિઠ્ઠલેશસું, મુખે કૃષ્ણનું નામ;
એવા ભગવદીના દાસના, હરિદાસ ગુણ ગાય—સાચા.

૨૭

સાચા સંત તે દુઃખ દે તેને, પણ સુખ દે મન સાચેરે;
દોષ ન રાખે કલ્યાણ તેનું, પ્રભુ પાસે જાચેરે—સાચા.

વણ અપરાધે પ્રલ્હાદ પીડ્યો, હિરણ્યકશ્યપુ અભાગીરે;
શ્રીનરહરિ પાસે પ્રલ્હાદે,તેની પણ ગતિ માગીરે—સાચા.
પાંચ પુત્ર પાંચાળી કેરા, અશ્વત્થામાએ માર્યારે;
ભીમસેન હણતા હુતા ધરી, દયા દ્રૌપદી વાર્યારે—સાચા.
સાધુપણું તું શીખ વૃક્ષથી, પીડા સહી પર પોષેરે;
દયાપ્રીતમને તે જન વહાલો,રિપુ રંજે ચિત્ત તોષેરે—સાચા.

૨૮

સાધુ તે જનનો સંગ, બાઇ મારે ભાગ્યે મલ્યો છે;
મોટા પુરૂષનો સંગ બાઇ મારે ભાગ્યે મલ્યો છે. (ટેક)
મોટા પુરૂષનાં દર્શન કરતાં (૨)
ચડે છે ચોગણો રંગ—બાઇ૦
અડસઠ તિરથ મારા સંતને ચરણે (૨)
કોટિ કાશીને કોટી ગંગ—બાઇ૦
દુરિજન લોકનો સંગ ન કરીએ (૨)
પાડે ભજનમાં ભંગ—બાઇ૦
નિંદાના કરતલ નરકેરે જાશે (૨)
ભોગવશે થઇ ભોરિંગ—બાઇ૦

મીરાં કહેરે બાઇ સંત ચરણરજ (૨)
ઉડીને લાગો મારે અંગ—બાઇ૦

૨૯

ઓ ભાઇરે શાન્તિ પમાડે, તેને તે સંત કહીએ;
એના દાસના દાસ થઇને રહીએ—ઓ૦
વિદ્યાનું મૂળ મારા ગુરૂએ બતાવું
ત્યારે મેતાનો માર શીદ ખાઇએ (૨)
કીધા ગુરૂજીને બોધ નવ આપે
ત્યારે તેના ચેલા તે શીદ થઇએ—ઓ૦
વૈદ્યનીગોળી ખાતાં તે દુઃખ નવ જાય
ત્યારે તેની ગોળી તે શીદ ખાઇએ (૨)
લીધા વળાવાને ચોર જયારે લુટે
ત્યારે તેની સોબતે શીદ જઇએ—ઓ૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્રય ઉભે
ત્યારે તેની છાયા તે શીદ રહીએ (૨)
રાજાની ચાકરીમાં ભૂખ નવ ભાગે
ત્યારે તેની વેઠે તે શીદ જઇએ—ઓ૦

નામ અમૂલ્ય મારા ગુરૂએ બતાવ્યું
ને તે તો ચોંટયું છે મારે હૈયે (૨)
મહેતા નરસિંહાની વાણી છે સારી
શામળાને શરણે જઇએ—ઓ૦

૩૦

સંતનકે સંગ લાગરે, તેરી આછી બનેગી (ટેક)
હંસનકીગતિહંસહીજાને, કોઈ ન જાને કાગરે—તેરી-સંત.
સંતનકોસંગપૂર્ણકમાઈ, હોઇબડોતેરો ભાગરે—તેરી-સંત.
ધ્રૂકીબની પ્રહ્લાદકીબનગઇ, હરિસમરણવૈરાગરે—તેરી-સંત.
કહતકબીરસુનોભાઈસાધુ, રામભજનકો લાગરે—તેરી-સંત.

૩૧

વહાલારે સંતને જય જય સીતારામ
હાંરે મારી હાલતી વેળાના રામો રામ
હાંહાંરે મારા ગુરૂને કહેજો પ્રાણમ—વહાલારે૦
કયાં થકી આવ્યાને કયાં તમે જાશો (૨)
હાંરે તમે કયારે કરશો વિશ્રામ—વહાલારે૦

સતસંગ કરવો ભવસાગર તરવો (૨)
હાંરે કાયા પડીએલ પીપળ પાન–વહાલારે૦
રૂદીઆમાં રાખું ને ઘડી ના વીસારૂં (૨)
હાંરે મારે જુગના જીવન સાથે કામ–વહાલારે૦
સત્સંગમાં એક હંસ બીરાજે (૨)
હાંરે જીવનેહોયરેઆગળનીઓળખાણ–વહાલારે૦
દાસ જીવણ સંતો ભીમકેરે ચરણે (૨)
હાંરે આપણે જાવું છે વૈકુંઠધામ–વહાલારે૦

જોગી ન થવા વિષે.

૩૨

નિશ્ચે કરો રામનું નામ, નથી કાંઇ જોગી થઇને જાવું;
નથી ભેખ ભગવો કંઇ કરવો (૨) ભેગું કરીને ખાવું–નિ૦
જો પુરવે તો ભગવા કરજો, પુરવે ઉજવળ રાખો;
રખે દુઃખવો સામા જીવને, સુખ સામાનું તાકો–નિ૦
એક ત્રાજવે સૌ સંસારી, બીજે જોગી લાવો;
કિયા જોગીને રામજી મળીયા, એવો એક બતાવો–નિ૦

કઇ નાઠા રાંડોને રોષે, કઇને ન મળી નારી;
કોઈ સ્વાદે કોઇ કરજે નાઠો, કેમ રીઝે ગિરધારી—નિ૦
મહેતો મીરાં ને પ્રહ્લાદ, સેનો નાપીક નાતી;
ધનો પીપો રોહીદાસ કુબો, ગોરો કુંભારની જાતી—નિ૦
બોડાણો જ્ઞાતિ રજપુતની, ગંગા બાઇ છે નારી;
દાસ થઇને જો રહ્યા તો, ઘેર આવ્યા ગિરધારી—નિ૦
રંકા વંકા સજન કસાઇ, ભજયા રાત ને દહાડો;
ક્રિયા જોગીને રામજી મળીયા, એવો એક દેખાડો—નિ૦
નથી રાખ વિભૂતિ ચોળવે, નહીં ઉંધે શિર ઝોલ્યે;
નથી નારી તજી વન જાતાં,જયાં લગિ આપ ન ખોળે—નિં૦
જંગલમાં મંગળ કરી જાણે, મંગળ જંગલ જેને;
કડવું મીઠું મીઠું કડવું, સમજી વશ છે તેને—નિ૦
પયને ઓથે ધૃત રહ્યું છે, તલ ઓથે જેમ તેલ;
કહે નરભો રધુવર છે સઘળે, એવો એ ખેલ—નિ૦

ભકિત વિષે.

૩૩

સંતો ભકિતરૂપી એક સાચી કમાઇ,
સાચી કમાઇ તેમાં બેસે ન પાઇ—સંતો૦
કોટિ જનમના કલેશ રે જાયે (૨)
ટાળી દે પલમાં આ ભવની ભવાઇ—સંતો૦
નરતન દેહ પછી દુર્લભ મળવો (૨)
જીતેલી બાજીને હારવી ન ભાઇ—સંતો૦
નરહરિ એક પ્રભુને ભજીલે (૨)
નાંખીને સો મણ રૂની તળાઇ—સંતો૦

૩૪

ભકિત મહાબળવંતીરે, વહાલો વશ થઇ આવે ઘેર (ટેક).
ભકિતને વશ થઇને વહાલો, વસિયા ગોકુળ ગામ;
આહીરડાને લાડ લડાવ્યા, એવા સુંદર શ્યામ—ભકિત.
વેદ પુરાણ પોકારે હરિનું, પતિતપાવન નામ;
એ પાંડવની સાથે રહીને, સઘળાં કીધાં કામ—ભકિત.

અમરીખને હેતે અવતરીયા, ભક્તન કેરે ઘેર;
રઘુનાથ કે પામ્યા કેરી, એ પુરવની પેર—ભક્તિ.

૩૫.

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નાંહીરે (૨)
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસીમાંહીરે-(ટેક.)
હરિના જન તો મુક્તિ ન માગે, જનમો જનમ અવતારારે;
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓછવ, નીરખવા નંદકુમારારે—ભૂ.
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયારે;
ધન્યધન્યરે એના માતપિતાને, સફલ કરીએનીકાયારે—ભૂ.
ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજના વાસીરે;
અષ્ટમા સિદ્ધિઆંગણીયેઉભી, મુક્તિછે એનીદાસીરે—ભૂ.
એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુકદેવ જોગીરે;
કંઇ એક જાણે વ્રજની ગોપી, ભણે નરસૈયોભોગીરે—ભૂ.

૩૬

ભજનકો પરિમાન, એસો હરિ, ભજનકો પરિમાન;
નીચ પાવે ઉંચ પદવી, જલ તરે પાષાણ—એસો૦

અધમ ભીલડી અજાત ગુનકા, ચડી જાત વિમાન;
નામ લઇ વૈકુંઠ પામી, બાજતે નીશાન–એસો૦
ચલત તારા ને ચલત મંડલ, ચલત શશી ઓર ભાન;
દાસ ધ્રુવકું અવિચલ પદવી, રામકે દીવાન–એસો૦
રાવણકે દશ શીશ છેદે, કરગૃહે સારંગપાણ;
વિભીષણકું લંકા દીની, ભકત અપનો જાન–એસો૦
નિગમ જાકી સાંખ પૂરે, સુનો સંત સુજાન;
દાસ તુલસી શરણ આયો, રાખીયે ભગવાન–એસો૦

ભકિતમાં શરમ ન કરવા વિષે.

૩૭

વરમાળા તો વિઠ્ઠલ વરની, છુટે છેડે ફરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
લાજો કોની ધરીએ રાણા, કોનામલાજાકરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
કાગડાનીકુલ્લીકાઢીનાંખી, માણેકમોતી ચરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

સોનારૂપા સઘળા તજીએ,તીલક તુલસી ધરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
ચીરપટોળા સઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
શાલીગ્રામની સેવા કરીએ,સંતસમાગમ કરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
હરતાંને ફરતાં સમરણકરીએ,સંતનીસાથેફરીએરેરાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
બાઇમીરાંકહેપ્રભુગીરધરનાગુણચરણકમલચીતધરીએરેરા૦
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

૩૮

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત,વિત્ત,દારા,શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે ભરે મુઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.

પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહા સુખ માણે, દેખનહારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દિન દેખે જોને.

૩૯

ભકિત શૂરવીરની સાચીરે, લીધા પછી કેમ મેલે પાછી.
મન તણો નિશ્ચય મોરચો કરીને, વધીયા વિશ્વાસી;
કામક્રોધ મદલોભ તજીને, પછી ગળે દીધી ફાંસી—ભ૦
શબ્દના ગોળા જ્યારે છુટવા લાગ્યાનેમામલે રહ્યા સૌમચી;
કાયર હતા તે કંપવા લાગ્યા, નિશ્ચે ગયા નાસી—ભ૦
સાચા હતા તે સન્મુખ ચડિયા,ને હરિસંગાથેરહયારાચી;
પાંચપચીસને અળગામેલ્યા,પછીબ્રહ્મ રહયો ભાસી—ભ૦
કરમના પાસલા કાપી નાખ્યા ભાઈ,ઓળખ્યાઅવિનાશી;
અષ્ટસિદ્ધિની ઇચ્છા ન કરે,જેની મુકત થઇ દાસી—ભ૦

તનમનધનજેણેતુચ્છકરીજાણ્યાં, અહોર્નિશ રહ્યા ઉદાસી;
ભોજો ભગત કહે ભકત થયા, એ તો વૈકુંઠના વાસી—ભ૦

૪૦

હરિરસ મોંઘેરે મૂલ છે, શીરને સાટે વેંચાયજી;
શીરના સાટારે સંતો જે કરે, મહારસ તેને દેવાયજી—હરિ.
શીર દેતાં શંકે નહીં, સનમુખ જ્યું ગત શૂરજી;
પાછા તે પગલાં નહીં ભરે, સદ્ગુરૂ સામા હજુરજી—હરિ.
પ્રેમ પીયાલા જે પીએ, જીવન મુકત સો જાણજી;
શોક સંશયરે સાલે નહીં, પોંચે પદ નિરવાણજી—હરિ.
તનરે તોપો તૈયાર કરી, જ્ઞાન ગલોલા સારજી;
કામ ક્રોધ વેરી મારીઆ, સદગુરૂ નામ આધારજી—હરિ.
તનમન શુદ્ધરે જ્ઞાને ગળ્યાં, જેના હીમાળા માંયજી;
મરજીવા સો સુખ માણશે, એ સુખ મુખે ન કહેવાયજી—હરિ.
બ્રહ્મરે સાગરમાં ઝીલી રહ્યા, કીનારે શું કામજી;
અખંડઆનંદઅંગમાંરમીરહ્યા, મગનીદાસકહેચરણામજી;
હરિરસ મોંઘેરે મૂલ છે, શીરને સાટે વેંચાયજી.

૪૧

તમે નામ નારાયણનું રે, લેતાં ડરશો મા;
તમે ડરતાં હોતો રે, ફરીને કોઇ લેશો મા. (ટેક)
સંસારી કહે છે રે, ભગતડા ભુંડા છે (૨)
તમે ભુંડા ન જાણજો રે, ભકિતના મૂળ ઉંડા છે-તમે૦
સંસારી કહેછેરે, ભગતડા કાલા છે (૨)
તમે કાલા ન જાણજોરે, પ્રભુને બહુ વહાલા છે-તમે૦
સંસારી કહેછેરે, ભગતડા ઘેલા છે (૨)
તમે ઘેલા ન જાણજોરે, પ્રભુને મન પહેલા છે-તમે૦

૪૨

ભાવે ભજતાં તે ત્રિભોવનનાથ, શરમ તેમાં શાની કરવીરે;
વ્હાલો રીઝવતાં વિશ્વનાથ, શરમ તેમાં શાની કરવીરે.
સેવે બુઢ્ઢા બાળા ને જેને જવાન, શરમ તેમાં શાની કરવીરે;
ધનવાન અને વિદ્વાન, શરમ તેમાં શાની કરવીરે.
ભજી ગયાછે જેને મોટા ભૂપ, શરમ તેમાં શાની કરવીરે;
ધ્રુવ પ્રલ્હાદ રાજાના પુત્ર, શરમ તેમાં શાની કરવીરે.

ઓધવ અક્રૂરને અંબરીખ, શરમ તેમાં શાની કરવીરે;
રાજા ખટ્વાંગ જનક પરીખ, શરમ તેમાં શાની કરવીરે.
તજ્યું ભરતે જેને માટે રાજ, શરમ તેમાં શાની કરવીરે;
મીરાંબાઇએ ન રાખીછે લાજ, શરમ તેમાં શાની કરવીરે.
કર જોડી કહે દાસોના દાસ, શરમ તેમાં શાની કરવીરે;
અંતે જાવું છે પ્રભુજીની પાસ, શરમ તેમાં શાની કરવીરે.
કહેછે **જાદવ** નથી ભુરૂં કામ, શરમ તેમાં શાની કરવીરે;
ભાવે ભજતાં તે શ્રીભગવાન, શરમ તેમાં શાની કરવીરે.

૪૩

જેજનઓધામોહેનબિસારે,તાહે ન બિસારૂંછીનએકઘડીરે.
મોકું ભજે ભજું મેં વાંકું,કલ ન પડત છિન એક ઘડીરે;
જન્મ મરણકો સંકટ કાટું, રાખું મેં આનંદ ભરીરે—જે.
સુમરનકીનો દ્રૌપદી રાની,ચીર બઢાએ પ્રભુ આપ હરિરે;
મહાભારત ભરવીરે ઇંડા, રાખલીઓ ગજઘંટ ધરીરે—જે.
ધ્રૂ પ્રલ્હાદ રેન દિન ધ્યાવે, ગુપ્ત રૂપસો પ્રગટ કરીરે;
ખંભફાડહિરણ્યકશ્યપુમાર્યો,ભકતપ્રલ્હાદકીરક્ષાકરીરે—જે.

અમરીખ ઘર ગયે દુર્વાસા, ચક્ર પઠાયે પ્રભુ સહાય કરીરે;
ભજનહારભજું તજનહારતજું, એસીહમારીપરાપરીરે-જે.
પાંચ પાંડવકી રક્ષા કીની, લાખા ગૃહમેં સહાય કરીરે;
સુર કહે ગજરાજ ઓધાર્યો, દયાસિંધુ જદુનાથ હરિરે—જે.

૪૪

વ્હાલો મારો સાચાનો સંગાથીરે, જેણે પ્રીત કીધી (ટેક)
વ્હાલાજી મારા, પ્રથમ ધ્રુવસું પ્રીત કીધી (૨)
તેને અવિચળ પદવી દીધીરે—જેણે પ્રીત કીધી—વ્હાલો૦
વ્હાલાજી મારા, બળિને બોલાવી વાચા લીધી (૨)
ત્રણ ડગલાં પૃથ્વી લીધીરે—જેણે પ્રીત કીધી—વ્હાલો૦
વ્હાલાજી મારા, ઉંડા તે જળમાં ગર્જના કીધી (૨)
તેની તરત ખબરૂં લીધીરે—જેણે પ્રીત કીધી—વ્હાલો૦
વ્હાલાજી મારા, હેતે વિદુરની ભાજી ખાધી (૨)
એને વચને ગુણકા સાધીરે—જેણે પ્રીત કીધી—વ્હાલો૦
વ્હાલાજી મારા, વૃંદા તે વનના વાસી (૨)
એમ બોલ્યા જીવણ દાસીરે—જેણે પ્રીત કીધી—વ્હાલો૦

૪૫

હરિને ભજતાં હજુ કોઈની લાજ,જાતાં નથી જાણીરે;
જેની સુરતી શામળીયા સાથ, વદે વેદ વાણીરે. (ટેક)
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ માર્યો રે (૨)
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણને સંહાર્યોરે–હરિને૦
વહાલે નરસિંહ મેતાનો હાર,હાથોહાથ આપ્યોરે (૨)
ધ્રુવનેઆપ્યુંઅવિચળ રાજ,પોતાનોકરીસ્થાપ્યોરે–હરિને૦
વહાલે મીરાં તે બાઇના ઝેર, હળાહળ પીધાંરે (૨)
પાંચાળિના પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે–હરિને૦
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઇ કરશેરે (૨)
કર જોડી કહે પ્રેમળદાસ,ભકતોનાં દુઃખ હરશેરે–હરિને૦

વિશ્વાસ વિષે.

૪૬

મેં ભરોસે અપને રામકે, મેં ભરોસે અપને રામકે (ટેક)
ઓર ન હય કછુ કામકે, મેં ભરોસે અપને રામકે–મેં૦
જો માગે સો દેત પદારથ, વારી જાઉં ઇસ નામપે–મેં૦

દોઉ અક્ષર હય સબ કુલ તારક, અંતદેત સુખધામકે—મેં૦
તુલસીદાસ પ્રભુ નામ દયાધન, ઓર દેવ સબ નામકે—મેં૦

૪૭

રામરતન ધન પાયો, મૈયા, મેં તો રામરતનધન પાયોં (ટેક)
સત સંગત સદ્દગુરૂકી કૃપાસેં (૨)
તો ભાગ્ય બડો બની આયો—મૈયા મેં તો રામ૦
ખરચ્યો ન ખુટે વાંકું ચોર ન લુટે (૨)
તો દિન દિન હોત સવાયો—મૈયા મેં તો રામ૦
નીર ન ડુબે વાકું અગ્નિ ન જાલે (૨)
તો ધરણી ધર્યો ન સમાયો—મૈયાં મેં તો રામ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર (૨)
તો ચરન કમલ ચિત્ત લાયો—મૈયા મેં તો રામ૦

૪૮

રામસમરતારે કાંઇફીકરનહીં, સબદુ:ખડા મીટજાવેરે (ટેક)
આરે કાયામાં પાંચ પુરૂષ, ત્રણ નજરે આવેરે (૨)
ગુરૂ મળે તો જ્ઞાન બતાવે(૨)ખોળે ખબરૂં પાવેરે—રામ૦

વિંધ્યા એટલા મોતીડાને, બીજા પથ્થર પાવેરે (૨)
સમજ્યાએટલામાનવીભાઇ(૨) ગાફલગોથાખાવેરે–રામ૦
સાત સમુદ્ર વચમાં બેટ, નિત્યે કીર્તન ગાવેરે (૨)
હરતાંનેફરતાં રામસમરલે(૨)પલમેં પારપહોંચાવેરે–રામ૦

૪૯

સૌથી સમરથ રાધાવરનો આશરો,
જેના જનને દુભવી શકે નહિં કોઇજો;
જમનું જોર ન ચાલે દોષ કરે કદા,
ક્ષમા કરે કે હરિ ચહાય તો જોયજો—સૌથી.
બીજા સૌ મોટા પણ હરિના હુકમથી,
સુર બ્રહ્મા ગણપતિ શકિત શિવ શેષજો;
કેશવ કોપે કોઇનું બળ ચાલે નહિ,
એ સૌ રૂઠે હરિજન ડરે ન લેશજો—સૌથી.
માયા કાળ તણો ભય કોઇથી નવટળે,
અભય અચળ કરવા સમરથ નહિં કોઇજો;
વિના એક શ્રીગિરિવરધારી લાલજી,
કોણ શરણ જાતામાં સનમુખ જોયજો—સૌથી.

શ્રીજીજનના અવગુણ તે પણ ગુણ ગણે,
સહજ કરે શરણાગત આપ સમાનજો;
સમોવડ કીધો શરણ જતાં મળ માસને,
આપી દીધું પુરૂષોત્તમ અભિધાનજો—સૌથી.
એવા કરૂણાનિધિ સમરથ શ્રીનાથજી,
દાસ દયાના પ્રીતમ પ્રાણ આધારજો;
એને મુકી અન્ય તણો આશ્રય કરે,
તે નિરભાગી મુરખનો સરદારજો—સૌથી.

હરિ ભજવામાં આલસ ન કરવા વિષે.

૫૦

ભજનવિના જીવડા દુ:ખી, મન તું રામ ભજન કરીલે;
જીવ તું જાયગો જરૂર, મન તું રામ ભજન કરીલે.
લખરે ચોરાશી ફેરા ફિરેગો (૨)
જીવ જનમી જનમી મરે—ભજન૦
માત પિતા તેરા દારા ને બંધુ (૨)
વામે કારજ કછુ ન સરે—ભજન૦

હસ્તી ને ઘોડા માલ ખજીના (૨)
ધન ભંડાર ભર્યો ઘરમેં—ભજન૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ (૨)
મેરો ચિત્ત ભજનમેં ધરે—ભજન૦

૫૧

હરિનામ બિના નર એસા હય;
દીપક બિના મંદિર જેસા હય—હરિ૦
જેસે શશી બિના રજની સોહી હય,
જેસે બિના લુનકી રસોઇ હય;
જેસે ગુરૂ બિનાકા ચેલા હય—હરિ૦
જેસે પુરૂષ બિનાકી નારી હય,
જેસે પુત્ર બિનાકી માતારી હય;
ગીનકા ઘર પુત્રજ જેસા હય—હરિ૦
ઠુંઠર બિના વૃક્ષ બનાયા હય,
જેસે સૂમ સંચરી માયા હય;
જલ બિના સરોવર જેસા હય—હરિ૦

૫૨

હરિ નહીં ગાયો, જનમારો ગુમાયો;
જનમારો ગુમાયો, જનમારો ગુમાયો—હરિ૦
હરિજનકો સનમાન ન કીનો (૨)
અપનો કુટુંબ જુમાયો—ન ગાયો૦
પરસ્ત્રી વિષયા કે કારન (૨)
લખરે ચોરાશી ભટકાયો—ન ગાયો—હરિ૦
કહે **જાદવ** હરિ ભજયો નહીં તું (૨)
હીરો હાથસે ગુમાયો—ન ગાયો—હરિ૦

ભકિત જલદી કરવા વિષે.

૫૩

હરિ ભજયાનું ટાણું, આ છે રામ ભજયાનું ટાણું;
આ છે કૃષ્ણ ભજયાનું ટાણું:
ભૂલ્યા શિદ ભમો છોરે, આછે હરિ ભજયાનું ટાણું.

હરતાં ને ફરતાં હરિ ન સમર્યા, શું બેસેછે નાણું;
વહાલા શું બેસે છે નાણું:
સમી સાંજના સુઇ રહયા છો,હમણા વહાશે વાણું-ભૂલ્યા.
ઠાલે રે ઠાલે ભરીયે ભરીયે, માયા મોટું માણું;
વહાલા માયા મોટું માણું:
ઓચિંતો આવીને પકડશે, પડયું રહેશે કરિયાણું-ભૂલ્યા.
માથે આવ્યું નહીં મટે, વહાલા ઘુંઘટમાં ઘેરાણું;
વહાલા ઘુંઘટમાં ઘેરાણું:
બળ કરી બોલાશે નહીં, જયારે બેઠું જમનું થાણું-ભૂલ્યા.
દીધા વિના કયાંથી પામો,વહાલા એ વાતો હું જાણું;
વહાલા એ વાતો હું જાણું:
ગોવિંદરામ કહેઅહીંયાનસમર્યો, ઉવાંનથી ઠેકાણું-ભૂલ્યા

૫૪.

કાયા છે ત્યાં સુધી કર સમરણ કીરતારનું રે (ટેક)
જતન કર્યું જઠરામાં જેણે, તારો દેહ રચ્યો છે તેણે;
તેણે કામ કર્યું છે અતિ ઉપકારનું રે-કાયા૦

પ્રસવથયા પહેલું પય કીધું, માતાના સ્તનમાં રચી દીધું;
તેણે કારજ સીધ્યું તારા આહારનું રે–કાયા૦
કાન નેત્ર કીધાં છે કેવાં, સર્વે અંગ અમુલખ એવાં;
અંતઃકરણ કીધાં છે વિવિધ વિચારનાં રે–કાયા૦
દાંત દીધાં તુંને ચાવણું ચાવવા, અન્નસરજ્યું ઉદરભરવા;
કર દીધાં કારજ કરવા વહેવારનાં રે–કાયા૦
સુરદુર્લભ મનુષ્યાદેહ પામી, લંપટ ન થવું લુણહરામી;
છોટમ શરણ ગ્રહી લે સરજનહારનું રે–કાયા૦

૫૫

જ્યાંલગીઆત્માઅંગમાંછે, ત્યાંલગીહરિહરિતું કહે (ટેક)
હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિતું કહે (૨)
સુતાં પહેલાં જે સ્મર્ણકરે ભાઇ, તેની બોલો જયજય–જયાં.
લીધા સરીખું નામ હરિનું, લઇ શકે તો લે (૨)
દીધા સરીખું દાન છે અન્નનું, દઇ શકે તો દે––જયાં.
આ રે સંસારીયો સર્વે ખોટા, ને સાચી વસ્તુ બે (૨)
એકતોપુણ્યબીજુંહરિભજનભાઇ, જીવડાસમજીલે–જયાં.

દૃષ્ટ પદારથ સર્વે ખોટા ને, આત્મા અખંડ છે (૨)
કીડીથકી તે કુંજર લગણુ ભાઇ, કાળચકરનો ભય–જયાં.
એકદિનઆંગણેદીવાવિવાહનેવળીઢોલશરણાઇ વાગે (૨)
કહેજીવણએવો એકદિન આવશે, સમશાનો ધગશે–જયાં.

૫૬

તારી કાયા નગરમાં રે, ચોર ચોરી કરે નર છાની (ટેક)
ચાર ચોર તો ચોરી કરે–એના ધન ધૂતારા લેશે (૨)
એરે કાયાના કહ્યા ન માનો (૨) દિનના ખાતર દેશે;
નગરી નવતેરીમાંરે–ચોર ચોરી૦–તારી કાયા૦
પાંચ ચોર તો પ્રગટ થયા–તેને પકડી ન શકે કોઇરે(૨)
તત્વ હતો તે તારવી ન જાણ્યો, હાથેહીરલોખોયો–નગરી.
આશાતૃષ્ણા નહીં બુજાવે–વાલા મનકા મેલ નધોયારે (૨)
ગુરૂપ્રતાપે ભણે ભવાનીદાસ,સબ જન્મારા ખોયા–નગરી.

મોત વિષે.

૫૭

તારા મનમાં જાણે છે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;

તેમાં ભૂલી ગયો ભગવાનને રે (ટેક).

ધન દોલત નારી ને ઘણા દીકરારે (૨)
ખેતિવાડી ઘોડી ને દરબાર—તેમાં૦

મેડી મંદિર ઝરૂખાને માળિયારે (૨)
સુખદાયક સુંદર સેજ—તેમાં૦

ગાદિ તકિયાને ગાલ મશુરિયારે (૨)
અતિ આડ કરે છે એજ—તેમાં૦

નીચી ખાંધ કરીને નમતો નથીરે (૨)
એવું સાધુ સંગાથે અભિમાન—તેમાં૦

વરમાળી મોહનજીની મૂર્તિરે (૨)
તેની સાથે ન લાગેલ તાન—તેમાં૦

પાપ અનેક જનમના આવીમળ્યારે (૨)
તારી મતિ મલિન થઇ મંદ—તેમાં

દેવાનંદના વહાલાને વિસરી ગયોરે (૨)
તારે પડયો ગળે જેમ ફંદ—તેમાં૦

૫૮

તારે માથે નગારાં વાગે મોતનારે,
નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહીં જગદીશનેરે (ટેક)
મોટા મેલીને રાજ મરી ગયારે (૨)
જોને જાતાં ન લાગી વાર—તોય૦
તારૂં જોબન ગયું જખ મારતુંરે (૨)
માથે કાળા મટી ગયા કેશ—તોય૦
અંતકાળે લેવાને જમ આવિયારે (૨)
તેનો ભાળી ભયંકર વેશ—તોય૦
રોમ કોટિ વીંછુ તણી વેદનારે (૨)
દુઃખ પામ્યો તુ દૈવના ચોર—તોય૦
સગા સ્વારથી મળ્યા સૌ લુટવારે (૨)
તેનું જરાએ ન ચાલે જોર—તોય૦
જીભ ટુંકી પડીને તુટી નાડીયોરે (૨)
થયું દેહ તજ્યાનું તત્કાલ—તોય૦

દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથનેરે (૨)
મળ્યો મનુષ્યનો દેહ વિશાળ—તોય૦

૫૯

જો વિચારીને જીવ હૃદેમાં મરવું એ તો સહી (ટેક).
મેડી મંદિરને માળીઆ તારા, પડયા રહેશે સહી (૨)
પ્રભુને અર્થે પૈસો ન વાવર્યો, ઠાઠડી ઠાલી ગઇ—જો૦
કંચન જેવી કાયા તારી, અડવા દેતા નહીં (૨)
ઘર છોડી સમશાને ચાલ્યા, ગોદરે રાખું થઈ—જો૦
માત પિતા તારા બેન બનેવી,ને ઘરની નારી રહી (૨)
છોકરાં તારાં અળગાં રહેશે, એકલો જાને વહી—જો૦
હરિ ભજો તમે હક હાલો, એમ વેદમાં વાણી કહી (૨)
હીરજીકહેજેણેહરિભજયા, તેની જગમાં યશો રહી—જો૦

૬૦

મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું;
જુનું તો થયું રે પાંજર પડયું તો રહયું રે—મારો૦
કુડી કુડી કાયા રામ, જુઠી જુઠી માયારે (૨)
કુડા તો દિલાસા અમને દઇ તો ગયો રે—મારો૦

આરે કાયાની સાથે પ્રીતું બંધાણી રામા (૨)
પડી ગયા દાંત રેખું પડયું તો રહયું રે—મારો૦
કાયાનો ગઢ હંસા ડોલવાને લાગ્યો રે (૨)
ઉડી ગયો હંસ પાંજર પડયું તો રહયું રે—મારો૦
બાઇ મીરાં ગાય પ્રભુ, ગિરધરના ગુણ વાલા (૨)
છેલ્લી બાકી ના રામો રામ—મારો૦

જગત્ મિથ્યા વિષે.

૬૧

સબી જાન જગત વહેવાર, રેનકા સપના,
તુમ કાયકું કહુત હો યાર ભૂલ કર અપના. (ટેક)
નીજ માત તાત દારા સુત ભગિની ભ્રાતા,
એ સબી સવારથ જાન પરસ્પર નાતા——સબી૦
એક રામભજન બીન ઓર નહીં નિસ્તારા,
ગુરૂજ્ઞાન ગ્રહો તુમ ઉતરો ભવજલ પારા——સબી૦
શિર કાલ અચાનક ખબર નહીં એક પલકી,
કયા કરતે હો અભિમાન આશ નહીં કલકી——સબી૦

૬૨

ચેત ! પ્રાણીઆ નરકની વાટે જાવું (ટેક)
નરકની વાટે જાવું, ઘણું રહેશે તારે પસ્તાવું રે—ચેત !
રૂડી દેહ મનુષ્યની તું પામ્યો, ખુબ પૈસે ટકેથી
ઘડી સત્સંગમાં ન વિરામ્યો રે—ચેત !
સંતસાધુનેપ્રેમથી ન પોંખ્યા,અન્નવસ્ત્ર આપી ન સંતોષ્યા;
શેર લોટ ન કોઇના જોખ્યા રે—ચેત !
શરમ મુકી અધર્મમાં ચાલ્યો, શુદ્ધવેદવિહિતધર્મને ન ઝાલ્યો;
અહોનિશ અહંકારમાં માલ્યો રે—ચેત !
બોધસદ્‌ગુરૂસંતનોનલાગ્યો, મૂર્ખ,માયાનામોહથી ન જાગ્યો;
ધક્કો ઓચિંતો કાળનો લાગ્યો રે—ચેત !
હામમનનીતેરહી ગઈમનમાં, કાળ આવી પુગ્યો જોબનમાં;
સોડ તાણી સુતો જઇ વનમાં રે—ચેત !
દ્રવ્ય માલ છોડી ગયો ખાલી,કામ નાવી તે ઠકરાઇ ઠાલી;
જમ આગળ જુગતી ન ચાલી રે—ચેત !
દારા,સુત,વિત્ત,કામકોઇનાવ્યાં,તનેવોળાવી સૌ ઘેરઆવ્યાં;
તારા નામના જમણ મચાવ્યાં રે—ચેત !

ધર્મરાય તને પુછશે ત્યાંઈ, જન્મધારી કરી શું કમાઇ ?
ારે ઉત્તર આપીશ શું ભાઇ રે–ચેત ! –

દઃખ તે સહ્યું નવ જાયે,મારે જમ તે માર ન ખમાયે;
રોમ અતિવેદના થાએ રે–ચેત !

બ્રહ્મરૂપભગવાનને ન જાણ્યા,પોતે બ્રહ્મઆનંદમાંનમાણ્યા;
પૂર વહેતામાં જાય તે તણાણાં રે–ચેત !

૬૩

હું કેની વિધે પાણીડા જાઉં હો મોરી માય,
કૂવે પર આસન જોગીકા. (ટેક).

ઘાટ ઘડુલો ઠીકરી, ઘડનારોરે કુંભાર;
રાવણ સરખાચાલ્યાગયા,એતોલંકાના સરદાર–કૂવે૦–હું૦

મન પવનનો દીવડો, ભરમ કેરી છે વાટ;
અમરહોયકોઇસાચવે, મારેઉતરીજાવુંભવપાર–કૂવે૦–હું૦

માયા કેરા મોહમાં, શીદ મુજને તું માર;
દો ઘડી કે કારણે, મારે કોણ મનાવા જાય–કૂવે૦–હું૦